## How and when did you become a poet?

**by Narendra Modi 9. October 2009 11:47**

વિશાળ કાય
પથ્થરોની કૂખેથી
ઝરણું ક્યારે પ્રગટ્યું
તે પહાડને ક્યાં ખબર હોય છે?

કરુણા જ્યારે શબ્દરૂપી
કાયા ધારણ કરે
ત્યારે
સંવેદનાની સોડમ
મ્હોરતી હોય છે.

કરુણા, વેદના, સંવેદનાનું
ભાવવિશ્વ જ્યારે
લાગણીના સરોવરમાં
છબછબિયાં કરવા માંડે
ત્યારે
કાગળની નાવ ઉપર
શબ્દો ઝાકળ બનીને
ઝૂમવા માંડે છે... અને...
હળવેકથી કવિતાનું
ગર્ભાધાન થાય છે.

કવિતાનું ગર્ભાધાન
ક્યારે થયું
કે
કવિતાની પ્રસવપીડા
કેટલી લાંબી હતી કે
કેટલી તીવ્ર હતી
તેનો તાગ કાઢવો
અસંભવ છે.

અસંખ્ય કવિતાઓ
અવતરતી હોય છે.
પરંતુ આંગળીને
વેઢે ગણાય
એટલી કવિતાઓ
હોયે છે જે
કવિને જન્મ
આપતી હોય છે.

Copyright © 2009 NarendraModi.com

મિત્રો,
હુ કવિ નથી.
હુ તો કવિતા પ્રેમી છું.
શબ્દ, સાધના, ઉપાસનાનો
આનંદ શોધતો
હોઉં છું

Copyright © 2009 NarendraModi.com